**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ**

**Date : 10-12-2024** **Evening : 7.50 to 8.00**

**Day : Tuesday** **National News**

**આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.**

*****************************************************************************

1) દેશમાં અધિકારો અને ગૌરવનું રક્ષણ કરતા સમાન ડિજિટલ વાતાવરણ સુનિશ્ચિત કરવાના મહત્વ પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભાર મૂક્યો.

2) **ભારત**માં છેલ્લાં પાંચ વર્ષમાં ગ્રામીણ વિસ્તારોમાં મહિલા શ્રમ દળની ભાગીદારીમાં નોંધપાત્ર વધારો.

3) **સંસ**દના બંને ગૃહોમાં અવરોધ ચાલુ રહેતા દિવસભરની કાર્યવાહી ખોરવાઇ.

4) UGCએ આવતા વર્ષથી અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક પ્રવેશ માટે કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટમાં ફેરફારોની જાહેરાત કરી

5) **આસામ ચળવળમાં પોતાના પ્રાણની આહુતિ આપનાર લોકોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્મરણાંજલિ પાઠવી.**

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PRESIDENT HUMAN RIGHTS DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશમાં સમાન ડિજિટલ વાતાવરણ સુનિશ્ચિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો છે., જે તમામના અધિકારો અને ગૌરવનું રક્ષણ કરે છે. આજે નવી દિલ્હીમાં માનવાધિકાર દિવસ નિમિત્તે એક કાર્યક્રમને સંબોધતા

રાષ્ટ્રપતિએ કહ્યું કે સાયબર ગુના અને આબોહવા પરિવર્તન માનવ અધિકારો માટે નવો ખતરો છે. તેમણે કહ્યું, ડિજિટલ યુગ પરિવર્તનશીલ છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, ગરીબી નાબૂદી, ભૂખ નાબૂદી અને યુવાનોને સમાન તકો પ્રદાન કરીને ભારત વિશ્વ સમક્ષ એક ઉત્તમ ઉદાહરણ તરીકે ઊભરી રહ્યું છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ મુર્મુએ રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના ત્રણ પ્રકાશનો બહાર પાડ્યા.

માનવ અધિકાર દિવસ પર આકાશવાણી સમાચારને આપેલી મુલાકાતમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ અને રાષ્ટ્રીય કાયદાકીય સેવા સત્તામંડળ- NALSAના કાર્યકારી અધ્યક્ષ ન્યાયામૂર્તિ બી.આર.ગવઈએ જણાવ્યું હતું કે, આ વર્ષે ત્રણ રાષ્ટ્રીય લોક અદાલતોનું આયોજન કરીને 7 કરોડ 70 લાખથી વધુ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

## JITENDRA-CIC

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા દસ વર્ષમાં વહીવટ પારદર્શક બન્યો છે. આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય માહિતી આયોગની 16મી વાર્ષિક પરિષદને સંબોધતા તેમણે કહ્યું હતું કે વર્ષ 2018 સુધીમાં કેન્દ્ર સરકારની 80 ટકાથી વધુ કચેરીઓની કામગીરી ઓનલાઈન મોડમાં ફેરવાઈ ગઈ હતી.

તેમણે કહ્યું કે છેલ્લા દસ વર્ષમાં RTI ફરિયાદોની સંખ્યામાં વધારો થયો છે, જે વહીવટની પારદર્શિતા, ફરિયાદોના અસરકારક નિકાલ અને નાગરિકોના વિશ્વાસને દર્શાવે છે. મુખ્ય માહિતી કમિશનર હીરાલાલ સામરિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે રાજ્ય માહિતી આયોગ દ્વારા નાગરિકોમાં RTI વિશે જાગૃતિ ફેલાવવા માટે અનેક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે તમામ રાજ્ય

માહિતી પંચ વહીવટમાં પારદર્શિતા વધારવા અને ગુપ્તતાને દૂર કરવા માટે કામ કરી રહ્યા છે.

## JAL-SHAKTI---HSHS-CAMPAIGN

જળ શક્તિ મંત્રાલયે કહ્યું કે સ્વચ્છતાને ગરિમા અને માનવ અધિકાર સાથે જોડીને હમારા ટોયલેટઃ હમારા સન્માન અભિયાનનું આજે માનવ અધિકાર દિવસ નિમિત્તે સમાપન થયું. ત્રણ સપ્તાહની ઝુંબેશ 19 નવેમ્બરના રોજ વિશ્વ શૌચાલય દિવસ પર એક સમાવેશી અને જવાબદારી  તરીકે સ્વચ્છતાને પ્રકાશિત કરવા અને સમગ્ર ભારતમાં સમુદાયોને એકત્ર કરવા માટે શરૂ કરવામાં આવી હતી.

મંત્રાલયે કહ્યું કે એક લાખ પચાસ હજારથી વધુ સામુદાયિક સ્વચ્છતા સંકુલોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ, હાલના સામુદાયિક સ્વચ્છતા સંકુલોમાંથી 70 ટકાથી વધુની કાર્યક્ષમતામાં સુધારો કરવામાં આવ્યો છે.

## FEMALE-LABOUR-FORCE

ભારતમાં 2017-18 થી 2022-23 દરમિયાન ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં મહિલા શ્રમ દળની ભાગીદારી દરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. એક સંશોધન પેપરમાં જણાવાયું છે કે ગ્રામીણ મહિલા શ્રમ દળની ભાગીદારી દર 24.6 ટકાથી વધીને 41.5 ટકા જ્યારે શહેરી વિસ્તારમાં 2017-18થી 2022-23 દરમિયાન 20.4 ટકાથી વધીને 25.4 ટકા સુધી સાધારણ રીતે વધ્યો છે.. ગ્રામીણ વિસ્તારોમાં, ઝારખંડ જેવા રાજ્યોમાં 233 ટકા વૃદ્ધિ સાથે અને બિહારમાં છ ગણી વૃદ્ધિ સાથે નોંધપાત્ર વધારો જોવા મળે છે. પૂર્વોત્તર રાજ્યોએ પણ નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવી છે.

અવિવાહિત મહિલાઓની સરખામણીએ ગ્રામીણ વિસ્તારોમાં પરિણીત મહિલાઓએ વધુ ભાગીદારી વૃદ્ધિ દર્શાવી છે. રાજસ્થાન અને ઝારખંડ જેવા રાજ્યોએ ખાસ કરીને વિવાહિત મહિલાઓમાં નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવી છે. ઉત્તરના રાજ્યોમાં,

પંજાબ અને હરિયાણામાં મહિલાઓમાં ઓછો દર ચાલુ છે. પૂર્વીય રાજ્યોમાં, ગ્રામીણ બિહારમાં દેશમાં સૌથી ઓછો દર હતો, પરંતુ તાજેતરના વર્ષોમાં તેમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે - ખાસ કરીને ગ્રામીણ પરિણીત મહિલાઓ માટે. પૂર્વોત્તર રાજ્યોમાં, ગ્રામીણ વિસ્તારોમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે, જેમાં નાગાલેન્ડ અને અરુણાચલ પ્રદેશ મોખરે છે.

સરકારની અસંખ્ય યોજનાઓ છે, ખાસ કરીને છેલ્લા 10 વર્ષોમાં ગ્રામીણ મહિલાઓને જે લક્ષ્ય બનાવી રહી છે. તેમાં મુદ્રા લોન, ડ્રોન દીદી યોજના અને દીનદયાળ અંત્યોદય યોજના હેઠળ એકત્ર કરાયેલ સ્વ-સહાય જૂથોનો સમાવેશ થાય છે.

## Ls-rs

સંસદના બંને ગૃહોમાં આજે પણ અવરોધ ચાલુ રહ્યો હતો., જેના કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. આ સપ્તાહનો બીજો દિવસ છે જ્યારે સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપ ચાલુ રહ્યા હતા. સંસદના બંને ગૃહોમાં શાસક પક્ષે કોંગ્રેસના નેતાઓ પર અમેરિકા સ્થિત મુખ્ય ફાઉન્ડેશન સાથે કથિત સંબંધો હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે આનાથી દેશની બદનામી થઈ છે. બીજી તરફ, વિરોધ પક્ષના સભ્યોએ એક મોટા ભારતીય વેપારી જૂથ સામે કથિત લાંચના આરોપોનો મુદ્દો ઉઠાવ્યો હતો.

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો.

## UGC-CUET

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) એ આવતા વર્ષથી અંડરગ્રેજ્યુએટ (UG) અને અનુસ્નાતક (PG) પ્રવેશ માટે કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (CUET)માં ફેરફારોની જાહેરાત કરી છે.

કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ- CUET-UG 2025 થી માત્ર કોમ્પ્યુટર આધારિત ટેસ્ટ સીબીટી મોડમાં જ લેવામાં આવશે. યુજીસીના અધ્યક્ષ એમ જગદેશ કુમારે મીડિયાને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને ધોરણ 12 માં ભણેલા વિષયોને ધ્યાનમાં લીધા વિના કોઈપણ વિષયમાં CUET-UG માટે બેસવાની મંજૂરી આપવામાં આવશે. CUET- યુજી 2025 સત્રથી 37 ને બદલે 63 વિષયોમાં લેવામાં આવશે. તમામ CUET-UG પરીક્ષાઓનો સમયગાળો 60 મિનિટનો એકસમાન હશે. શ્રી કુમારે જણાવ્યું હતું કે પરીક્ષામાં વૈકલ્પિક પ્રશ્નોનો ખ્યાલ દૂર કરવામાં આવ્યો છે અને હવે તમામ પ્રશ્નો ફરજિયાત રહેશે. વિદ્યાર્થીઓ 2025 થી CUET-UG માં વધુમાં વધુ પાંચ વિષયો માટે હાજર રહી શકશે, જે અગાઉ છ હતા. યુજીસીના અધ્યક્ષે જણાવ્યું હતું કે કમિશન દ્વારા રચવામાં આવેલી નિષ્ણાત પેનલે પરીક્ષાની સમીક્ષા હાથ ધરી હતી અને ઘણા ફેરફારો સૂચવ્યા હતા.

## NIA-ARRESTS

રાષ્ટ્રીય તપાસ સંસ્થા (NIA) એ સરહદ પાર શસ્ત્રો અને દારૂગોળાની હેરાફેરીના કેસમાં મિઝોરમમાંથી ત્રણ લોકોની ધરપકડ કરી છે. NIAએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે મિઝોરમમાં છ સ્થળોએ વ્યાપક શોધખોળ બાદ શુક્રવારે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન, મોટી સંખ્યામાં શસ્ત્રો, દારૂગોળો, વિસ્ફોટકો, શસ્ત્રો બનાવવાના સાધનો અને, ડિજિટલ ઉપકરણો અને અન્ય ગુનાહિત વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી.

## PM-SWAHID-DIWAS

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે સ્વાહિદ દિવસ એ આસામ ચળવળમાં પોતાના પ્રાણ સમર્પિત કરનારાઓની હિંમત અને બલિદાનને યાદ કરવાનો પ્રસંગ છે. તેમના સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે શહીદોના નિશ્ચય અને નિઃસ્વાર્થ પ્રયાસોએ આસામની અનન્ય સંસ્કૃતિ અને ઓળખને જાળવવામાં મદદ કરી. તેમણે કહ્યું કે તેમની બહાદુરી દરેકને વિકસિત આસામ તરફ કામ કરવા માટે પ્રેરિત કરે છે.

## PM POSHAN SHAKTI

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ (PM POSHAN) હેઠળ સામગ્રીની કિંમતમાં 13.7 ટકાનો વધારો કર્યો છે. પ્રાથમિક અને બાલ વાટિકા વર્ગો માટે તે 5.45 રૂપિયાથી વધારીને 6.19 રૂપિયા અને ઉચ્ચ પ્રાથમિક વર્ગ માટે 8.17 રૂપિયાથી વધારીને 9.29 રૂપિયા કરવામાં આવી છે. સંશોધિત દર આ મહિનાની પહેલી તારીખથી અમલમાં આવ્યો છે.

## PM-TAMIL-POET

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને મહાન તમિલ કવિ અને સ્વાતંત્ર્ય સેનાની સુબ્રમણ્યં  ભારતીની સંપૂર્ણ રચનાઓના સંગ્રહનું વિમોચન કરશે. સુબ્રમણય  ભારતીના લખાણોએ લોકોમાં દેશભક્તિ જગાડી, ભારતીય સંસ્કૃતિ અને દેશની આધ્યાત્મિક વારસાનો સાર લોકો સુધી એવી ભાષામાં લખ્યો હતો. તેમની સંપૂર્ણ કૃતિઓના 23-ગ્રંથોના સમૂહનું સંકલન અને સંપાદન સીની વિશ્વનાથન દ્વારા કરવામાં આવ્યું છે અને એલાયન્સ પબ્લિશર્સ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. તેમાં સુબ્રમણય  ભારતીના લખાણોની આવૃત્તિઓ, સમજૂતીઓ, દસ્તાવેજો, પૃષ્ઠભૂમિની માહિતી અને દાર્શનિક પ્રસ્તુતિની વિગતો છે.

## MAHA--BUS-ACCIDENT

મુંબઈના કુર્લા બેસ્ટ બસ અકસ્માતમાં મૃત્યુઆંક વધીને 7 થઈ ગયો છે જ્યારે 49 લોકો ઘાયલ થયા છે. ઘાયલોની મુંબઈની વિવિધ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ ઘટના પર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. તેમણે મૃતકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. શ્રી ફડણવીસે મૃતકોના પરિવારજનો માટે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી પ્રત્યેકને 5 લાખ રૂપિયાની સહાય રકમની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે કુર્લા પશ્ચિમમાં એસ.જી. બર્વે માર્ગ પર આવેલી એક શાળા સામે ગઈકાલે રાત્રે કાબૂ ગુમાવનારી "બેસ્ટ"ની બસે અનેક વાહનોને ટક્કર મારતાં આ દુર્ઘટના સર્જાઈ હતી.

## RBI--GOVERNOR

ભારતીય રિઝર્વ બૅંકના વિદાય લેતા ગવર્નર શક્તિકાંત દાસે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે નવા ગવર્નર સંજય મલ્હોત્રાના સક્ષમ નેતૃત્વ હેઠળ, રિઝર્વ બેંક આગળના કોઈપણ પડકારોનો અસરકારક રીતે સામનો કરશે. મુંબઈમાં એક પત્રકાર પરિષદને સંબોધતા શ્રી દાસે આરબીઆઈના ગવર્નર તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન અપનાવવામાં આવેલા સિદ્ધાંતો પર પ્રકાશ પાડ્યો હતો., જેમાં ફુગાવા નિયંત્રણની પુનઃસ્થાપના, બદલાતા વૈશ્વિક વ્યવસ્થાને અનુકૂલન, અને સાયબર સુરક્ષા જોખમો અને સંલગ્ન જોખમોને સંબોધિત કરવા સહિતનો સમાવેશ થાય છે, તેમણે એ પણ ઉલ્લેખ કર્યો છે કે તેમના કાર્યકાળ દરમિયાન, RBI મધ્યસ્થ બેન્કે હિતધારકો સાથે સીધી બેઠકો યોજીને વ્યાપક પરામર્શાત્મક અભિગમ અપનાવ્યો હતો. તેમણે ખાસ કરીને કોવિડ-19 રોગચાળા દરમિયાન ભારતીય રિજર્વ બૅંક દ્વારા કરવામાં આવેલ ઉત્તમ ટીમવર્કની પ્રશંસા કરી હતી.

## FOREIGN-SECY.

વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ આજે નવી દિલ્હીમાં જર્મન સંસદના સભ્યો - એન્ડ્રેસ શ્વાર્ઝ, ઇંગો ગાડચેન્સ, ગેસિન લોટ્ઝ, સેબેસ્ટિયન શેફર સાથે મુલાકાત કરી.

વાતચીત દરમિયાન, વિદેશ સચિવે ભારત-જર્મની વ્યૂહાત્મક ભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો હતો અને સમકાલીન વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી.